પરિચય
સામાજિક વિજ્ઞાન શા માટે ?







ચાલો, શોધીએ

→ ઉપર આપેલું ચિત્ર જુઓ તેમાં તમે શું જુઓ છો ?

- તળાવમાં પાણી ક્યાંથી આવે છે?
- રસ્તો કોણે અને શા માટે બનાવ્યો?
- નાના મકાનમાં રહેતા લોકોની પ્રવૃત્તિઓ શું હોઈ શકે ? તેમનો ઇતિહાસ શું હોઈ શકે ? તેમનું ભવિષ્ય શું છે ?

→ તમારા જવાબો લખો અને તમારા વર્ગના મિત્રો સાથે ચર્ચા કરો.

→ હવે મુખપૃષ્ઠ પરનું ચિત્ર જોઈને તમારા મનમાં કેવા પ્રશ્નો ઉદ્‌ભવે છે ?

→ તમે આ બે ચિત્રોથી સંબંધિત પ્રશ્નોના જવાબો કેવી રીતે શોધવાનું સૂચન કરો છો ?

ઉપરોક્ત પ્રશ્નો આપણા સામાજિક વિજ્ઞાન સાથે કેવી રીતે સબંધિત છે ?

આપણે 21મી સદીમાં જીવીએ છીએ. (જો તમને ખબર ન હોય કે આ આંકડો ખરેખર શું છે, તો તમે ટૂંક સમયમાં જ તેના વિશે શીખી જશો.) દરેક જણ સહમત થાય છે કે માનવતા માટે તે ખાસ કરીને પડકારજનક સમય છે. એક તરફ ટેક્નોલોજીમાં ઝડપથી ગતિ થઈ રહી છે, જે આપણા જીવનને અનેક રીતે બદલી રહી છે. તો બીજી તરફ વિશ્વ અનેક યુદ્ધો, સશસ્ત્ર સંઘર્ષો અને



વધતા જતા સામાજિક તણાવને જોઈ રહ્યું છે અને આપણી પૃથ્વીનું કુદરતી પર્યાવરણ ખૂબ જ નાજુક પરિસ્થિતિમાં છે. આપણે અસાધારણ સંભાવનાઓના યુગમાં જીવીએ છીએ, પરંતુ સામે પડકારો પણ છે.

દુનિયાભરમાં, વધુને વધુ લોકો વિચારી રહ્યા છે કે આપણે માનવતાની સામે ઊભી થયેલી સમસ્યાઓને કેવી રીતે હલ કરી શકીશું ? આપણો સમાજ શાંતિ અને સંવાદિતામાં રહેવાનું કેવી રીતે શીખી શકે ? આ સુંદર પૃથ્વીનું કે જ્યાં આપણે સૌ સાથે રહીએ છીએ તેનું રક્ષણ કેવી રીતે કરી શકીએ - અને તેનું રક્ષણ માત્ર પોતાના માટે જ નહીં, પણ તેના પર નિર્ભર બધી જ પ્રજાતિઓ માટે પણ કરી શકીએ.

આ મૌલિક પ્રશ્ન સરળ છે, પરંતુ તેનો જવાબ સરળ ન પણ હોઈ શકે, કારણ કે પૃથ્વી પર માનવ સમાજ ખૂબ જ વૈવિધ્યસભર અને જટિલ છે. જો આપણે આવા પ્રશ્નોના જવાબો શોધવા માંગતા હોઈએ અને વધુ સારા ભવિષ્યના નિર્માણમાં મદદ કરવા માંગતા હોઈએ, તો આપણે સૌ પ્રથમ આપણા વિશ્વને અને ખાસ કરીને માનવ સમાજને સમજવાની જરૂર છે. એ જ સામાજિક વિજ્ઞાન છે.

તમે વિચારતા હશો કે સામાજિક વિજ્ઞાન એ વિજ્ઞાન છે, પરંતુ ભૌતિક વિજ્ઞાન કે રસાયણશાસ્ત્ર જેવું નથી. આ વિષય શક્ય હોય ત્યાં સુધી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે (તમે આ પાઠ્યપુસ્તકમાં કેટલાંક ઉદાહરણો જોશો), પરંતુ એનું કેન્દ્ર માનવ સમાજ છે જે પોતે જ એટલો વિવિધતાપૂર્ણ છે કે વિજ્ઞાનની જેમ નિર્ધારિત પ્રક્રિયાઓ સ્વીકારતાં અને ચોક્કસ પરિણામો પ્રાપ્ત કરવાની સંભાવનાઓને ક્ષીણ કરી દે છે.

સામાજિક વિજ્ઞાનની ઘણી પેટા વિદ્યા શાખાઓ છે. ભૂગોળ, ઇતિહાસ, રાજકીય વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, મનોવિજ્ઞાન અને અન્ય આ શબ્દોથી ડરવાની જરૂર નથી ! તમે આમાંથી કેટલાક પેટા-વિષયોનો માધ્યમિક સ્તરે અભ્યાસ કરશો અમે ઉચ્ચ પ્રાથમિક સ્તરે આવું વર્ગીકરણ કર્યું નથી. તેના બદલે અમે પાંચ મુખ્ય થીમનો ઉપયોગ કર્યો છે. ચાલો તેના પર એક નજર કરીએ.

વિષય (A) – ભારત અને વિશ્વ : ભૂમિ અને તેના રહેવાસીઓ

આ વિષય આપણી આસપાસના ભૌગોલિક વિશ્વની મૂળભૂત બાબતો અને આપણી પૃથ્વીની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓ તેમજ નકશા પર તેનું આલેખન કેવી રીતે કરવું તે આવરી લે છે. જ્યારે આપણે મોબાઈલ પર ઉત્તમ નકશા મેળવી શકીએ છીએ ત્યારે આ ભાગ શા માટે મહત્ત્વપૂર્ણ છે ? વાસ્તવમાં, આ વિષયની ચર્ચા નકશાથી વિશેષ છે. આ વિષય દ્વારા એ જાણી શકાય છે કે સમગ્ર ઈતિહાસમાં માનવ સભ્યતાના વિકાસમાં ભૌગોલિક પરિબળો (મહાસાગરો પર્વતો, નદીઓ વગેરે) એ શું ભૂમિકા ભજવી હતી. ભારતના સંદર્ભમાં, આ વિષય સમજાવે છે કે કેવી રીતે ભારતના પ્રાકૃતિક સ્થાને તેની પ્રાચીન સંસ્કૃતિને આગવી ઓળખ આપી.

વિષય (B) - અતીતનું ચિત્રણ

કેનવાસ પર ચિત્રો અને ડિઝાઈન બનાવીને ચાકળો (Tapestry) તૈયાર થાય છે કેટલીકવાર ઐતિહાસિક ઘટનાઓને સમજાવે છે. તે સામાન્ય રીતે દિવાલ પર લટકાવવામાં આવે છે. આ વિષયોમાં આપણે ભૂતકાળને ભારતના અતીતથી દર્શાવવાનું શરૂ કરીશું. કદાચ તમે વિચારતા હશો કે ભૂતકાળની ચિંતા શા માટે થવી જોઈએ ? હકીકતમાં તે વર્તમાનને સમજવાની ચાવી છે, અને આ વિષયમાં આપેલાં પ્રકરણો તમને તેના વિશે વધુ સ્પષ્ટતા આપશે. બીજા શબ્દોમાં કહીએ તો, ભૂતકાળ એ આપણી ઓળખનો મુખ્ય સ્રોત છે જે આપણને સમજવામાં મદદ કરે છે કે આપણે કોણ છીએ અને આપણે ક્યાંથી આવ્યા છીએ. બીજા શબ્દોમાં કહીએ તો, ભૂતકાળ હજુ પણ આપણી સાથે છે. કારણ કે કમનસીબે ઇતિહાસ માત્ર એક સુખની વિકાસ યાત્રા નથી, પરંતુ તે આપણને લોકો, સરકારો અને શાસકો દ્વારા કરવામાં આવેલી ભૂલો અને તે ભૂલો પાછળનાં કારણોને સમજવામાં પણ મદદ કરે છે. આશા છે કે આ સમજ્યા પછી આપણે આ ભૂલોનું પુનરાવર્તન ટાળીશું.

વિષય (C) - આપણો સાંસ્કૃતિક વારસો અને જ્ઞાન પરંપરાઓ

ઘણીવાર એવું માનવામાં આવે છે કે ભારતની સંસ્કૃતિ ખૂબ જ સમૃદ્ધ અને પ્રાચીન છે. આ સાચું પણ છે પરંતુ તેનાં મુખ્ય લક્ષણો શું છે ? તેના માર્ગદર્શક સિદ્ધાંતો શું છે ? તેઓ ભારતીય ઈતિહાસમાં કેવી રીતે ઉદ્‌ભવ્યા ? અને તેઓ આપણા સમયની સમસ્યાઓને ઉકેલવામાં કેવી રીતે મદદ કરશે ? આવા કેટલાક પ્રશ્નો છે જેના વિશે આ વિષયમાં સંશોધન કરવામાં આવ્યાં છે. તેનો ઉદ્દેશ્ય એ હશે કે દરેક વિદ્યાર્થી આપણી સંસ્કૃતિના પાયાને સમજે અને તેનાં મૂલ્યોની કદર કરે.

વિષય (D) - શાસન અને લોકશાહી

દરેક દેશના નાગરિકોએ પોતાના દેશની રાજકીય કામગીરીને સમજવી જોઈએ. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. અહીં વિવિધ સ્તરે કામ કરતી વ્યાપક શાસન વ્યવસ્થા અપનાવવામાં આવી છે. તેની મુખ્ય લાક્ષણિકતાઓ અને ઘટકો શું છે ? લોકો શાસનમાં કેવી રીતે ભાગ લઈ શકે ? તેમના અધિકારો શું છે અને તેમની ફરજો અથવા ધર્મ શું છે ? શું અન્ય દેશોમાં વિવિધ પ્રણાલીઓ અનુસરવામાં આવે છે, અને જો એમ હોય, તો તે શું છે ? જુદા જુદા દેશો એકબીજા સાથે કેવી રીતે સંપર્ક સ્થાપિત કરે છે ? આ વિષયનો અભ્યાસ કરીને આપણે વધુ જવાબદાર નાગરિક બની શકીશું અને સમજી શકીશું કે સરકારના વિવિધ અંગો કેવી રીતે કાર્ય કરે છે. ઉપરાંત, આપણને અસર કરતી સ્થાનિક અથવા રાષ્ટ્રીય નીતિઓ પર આપણે આપણાં મંતવ્યો અસરકારક રીતે રજૂ કરી શકીશું.

વિષય (E) - આપણી આસપાસનું આર્થિક જીવન

પાયાના સ્તરે ખોરાક, વસ્ત્રો, આશ્રય, પાણીની ઉપલબ્ધતા અને વયસ્ક લોકો માટે આજીવિકા તથા ત્યાર પછી માધ્યમિક સ્તરે યુવાનો માટે શિક્ષણ જેવી દૈનિક જીવનની આવશ્યક ચીજવસ્તુઓ વિના કોઈપણ કુટુંબ સુખી ન હોઈ શકે. તેવી જ રીતે, મજબૂત અર્થવ્યવસ્થા વિના કોઈપણ દેશ સામંજસ્યપૂર્ણ ગતિ કરી શકતો નથી. પરંતુ ભારત જેવા વિશાળ દેશમાં અર્થતંત્ર કેવી રીતે કાર્ય કરે છે ? નાણું હકીકતમાં શું છે ? તે ક્યાંથી મળે છે ? તેને કેવી રીતે વધારી શકાય ? લોકો કઈ આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે ? કુદરતી અને માનવીય સંસાધનોને સૌથી યોગ્ય રીતે કેવી રીતે સંચાલિત કરી શકાય ? આ વિષય કેટલીક મુખ્ય વિભાવનાઓ અને પ્રક્રિયાઓને સુયોજિત કરશે. જે આપણને આ પ્રશ્નોના જવાબો શોધવામાં મદદ કરશે.

તમે જોયું છે કે આગળના ફકરામાં ઘણા પ્રશ્નો છે જે તે હોવા જોઈએ તેવા જ છે. સામાજિક વિજ્ઞાન પણ યોગ્ય પ્રશ્નો પૂછવાની કળાના વિષય સાથે સબંધી છે. જ્યારે આપણે સાચા પ્રશ્નો પૂછીએ ત્યારે જ આપણે સાચા જવાબો શોધી શકીએ છીએ. આ પુસ્તકનું દરેક પ્રકરણ મહત્ત્વપૂર્ણ પ્રશ્નોથી શરૂ થાય છે, જે ઉપરોક્ત હકીકતની પુષ્ટિ કરે છે.

ભૂગોળ સંબંધિત પ્રકરણોમાં, તમને ચેસની રમતો અને કેટલીક પ્રાચીન તમિલ કવિતા રસપ્રદ લાગશે. સાંસ્કૃતિક વારસાના પ્રકરણમાં સાડીના વિવિધ ઉપયોગની ચર્ચા કરવામાં આવી છે. અર્થતંત્રલક્ષી પ્રકરણમાં સેવા અને તહેવારની વિભાવના વર્ણવવામાં આવી છે. આ જાણી જોઈને કરવામાં આવ્યું છે. અમે જુદા જુદા ક્ષેત્રોના વિવિધ પાસાઓને એક સાથે લાવવામાં માનીએ છીએ (તેને બહુવિદ્યાશાખાકીય કહેવામાં આવે છે, જેના વિશે તમે પછી વાંચશો.) આ અમારા પરિપ્રેક્ષ્યને સમૃદ્ધ બનાવે છે. ખરેખર, જ્યારે જીવન અસંખ્ય તત્વોનું મિશ્રણ કરે છે, ત્યારે આપણે તેવું કેમ ન કરીએ !

અત્યાર સુધીમાં એ સ્પષ્ટ થઈ જવું જોઈએ કે સામાજિક વિજ્ઞાન વર્તમાનને સમજવા અને ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટે ભૂતકાળનો સતત ઉપયોગ કરે છે. આ સંશોધનાત્મક અને ઉત્તેજક કાર્ય છે.